## -: આંક-૧ ની અરજી હેઠળનો હુકમ :-

(૧) અરજદાર શફતતરાના મોહમંદ રફીક સૈયદ એ હાલની અરજી અત્રેની કોર્ટ ધ્વારા ફોજ.પરચુ.અરજી નં.૨૬૬/૧૪ ના કામે તારીખ ૨૧/૧૨/૨૦૧૪ ના રોજથયેલ હુકમ મુજબ ભરણપોષણની રકમ વસુલ મેળવવા માટે સામાવાળા નં.૧ સામે દાખલ કરેલ છે. હાલની અરજી અરજદારએ તારીખ ૨૧/૧૧/૧૪ થી તારીખ ૨૧/૦૯/૧૭ સુધીની ૩૪ માસની ભરણપોષણની રકમ,વળતર ખર્ચ રુ ૫૦૦૦/ તથા અરજી ખર્ચ રુ.૫૦૦/ વસુલ મેળવવા માટે હાલની અરજી ઘરેલુ હિંસા અધીનીયમ હેઠળ દાખલ કરેલ છે.જેમાં આ કામના સામાવાળા નં.૧ સામે અરજદાર ની તરફેણમાં માસીક રૂ.૨,૫૦૦ તથા સગીર પુત્ર ના માસીક રુ.૧,૫૦૦/ ભરણપોષણ લેખે ૩૪ માસની કુલ રકમ રૂા.૧,૩૬૦૦૦/—ચડત થયેલ છે.

(૨) આ કામના સામાવાળાને અરજી અંગે નોટિસ કાઢવામાં આવતા સામાવાળાને નોટીસ બજી જતા સામાવાળા કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. બાદમાં આ કામના સામાવાળા કોર્ટ સમક્ષ હાજર થતા સામાવાળાએ પોતાની પાસે કોઈ સ્થાવર જંગમ મિલકત નથી,પોતે રકમ ભરી શકે તેમ નથી તેમ જણાવેલ છે.

(૩) આમ ઉપરોકત હકિકત ધ્યાને લેતા આ કામના સામાવાળાએ અરજદારની ૩૪ માસની ચડત રકમ રૂા.૧,૩૬,૦૦૦/– ચુકવી આપેલ નથી. આમ અરજદારને ૩૪ માસની ખોરાકીની ચડત સામાવાળા ચુકવી શકે તેમ નથી તેવુ જણાવેલ છે. જેથી સામાવાળાને ચડત રકમ ન ચુકવવા બદલ સજા કરવી આવશ્યક જણાય છે.

(૪) સજા અંગે અરજદાર તરફે વિ.વ.શ્રીને સાંભળવામાં આવ્યા. તેઓ જણાવે છે કે, આ કામના અરજદારને સામાવાળા ચડત રકમ ચુકવી ન આપતા અરજદારને ભુખમરાની પરીસ્થીતી ઉત્પન્ન થયેલ છે. સામાવાળાની રકમ ચુકવવા કાનુની અને નૈત્તિક જવાબદારી હોવા છતાં સામાવાળાએ ભ.પો.ની રકમ ચુકવી આપેલ નથી જેથી સામાવાળાને પ્રત્યેક માસના ભરણપોષણની રકમ ચુકવવામાં કસુર બદલ દિન ૩૦ ની મહત્તમ સજા કરવા માટે અરજ કરેલ છે.

(૫) આ કામે ઘરેલુ હિંસાના કાયદાનો મુળભુત હેતુ ધ્યાને લેવામાં આવે તો સ્ત્રી ને દરેક પ્રકારનુ રક્ષણ મળી રહે અને સ્ત્રી પોતાનુ આત્મસંમાન જાળવી પોતાના હકકો ભોગવી શકે તથા સ્ત્રીના

હકકોનુ રક્ષણ કરવાનો છે. જયારે કોઈ સામાવાળા સામે ઘરેલુ હિંસા અધીનીયમ હેઠળના હુકમ થયેલ હોય ત્યારે આવા હુકમનુ પાલન કરવુ સામાવાળાની ફરજ બની રહે છે. આ કામે અત્રેની કોર્ટ ધ્વારા ફો.પ.અ.નં.૨૬૪/૧૪ ના કામે અરજદારે દાખલ કરેલ ઘરેલુ હિંસા અધીનીયમની અરજી હેઠળ હુકમ કરી પોતાના ભરણપોષણ પેટે માસીક રૂ.૨૫૦૦ તથા સગીર બાળકના ભરણપોષણ પેટે માસીક રૂ.૧૫૦૦ એમ કુલ મળી માસીક રૂ.૪૦૦૦/- ચુકવી આપવા તથા માનસીક શારીરીક ભાવનાત્ક સંતાપના વળતર રુ ૫,૦૦૦/,અરજી ખર્ચ ના રુ.૫૦૦/ પુરા મળી કુલ ૧,૪૧,૫૦૦/ ચુકવવાનો હુકમ સામાવાળા નં.૧ વિરૂધ્ધ થયેલ છે.જે રકમ સામાવાળા નં ૧ એ ચુકવેલ નથી

(૬) આ કામે અરજદાર ધ્વારા મુળ અરજી ઘરેલુ હિંસા અધીનીયમની ક.૧૨ હેઠળની દાખલ કરેલ છે અને તે અરજી ગ્રાહય રાખી અરજદારની વિવિધ કલમો હેઠળની દાદ મંજુર રાખેલ છે. ઘરેલુ હિંસાથી રક્ષણના નિયમો ૨૦૦૬ નો નિયમ ૬(૫) ધ્યાને લેતા ફોજદારી કાર્યરીતી સંહીતાની ક.૧૨૫ હેઠળ આપવામાં આવેલ પધ્ધતિ મુજબ ઘરેલુ હિંસા સામે રક્ષણ અધીનીયમ ની ક.૧૨ હેઠળની અરજી ચલાવવામાં (આવશે) તથા આદેશનો અમલ કરવામાં આવશે. આમ, આ કામે અરજદારે ક.૧૨ હેઠળની અરજી દાખલ કરી આદેશ કરેલ છે. જેની અમલવારી ન થતા હાલની અરજી દાખલ કરેલ છે. જેથી આ કામે ક્રિ.પ્રો.કો.ની ક.૧૨૫(૩) મુજબની કાર્યવાહી કરવાની રહે છે જે અંગે કાયદાકિય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ક્રિ.પ્રો. કો.ક.૧૨૫(૩) મુજબ પ્રત્યેક માસની ખોરાકીના ભંગ બદલ ૧-એક માસની સજા થઈ શકે છે. પરંતુ આ કામે સામાવાળાને ભવિષ્યમા પોતાની ફરજ તથા જવાબદારીનુ ભાન થઈ રહે અને ભવિષ્યમાં અરજદારને ચડત રકમ નિયમીત રીતે ચુકવી આપે તે માટે હાલની અરજીમાં સામાવાળાને કાયદામા જણાવેલ મહતમ સજા ન કરતા સામાવાળાને પ્રત્યેક માસની ખોરાકીના ભંગ બદલ પ્રત્યેક માસ માટે દિવસ-૧૦ ની સાદી કેદની સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની અદાલતનુ માનવુ છે. વધુંમા મહત્તમ સજા કરવાથી પણ અરજદારનો રહેઠાણ તથા ભરણપોષણના પ્રશ્નનુ નિરાકરણ આવી જવાનુ નથી જે તમામ પાંસાઓ ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

-:હુકમ:-

(૧) આ કામના સામાવાળા નં.૧ મહમદરફીક મહમદઅજીજ મન્સુરી ને હાલની અરજીના કામે ૩૪ માસની ચડત રકમ તથા વળતર ખર્ચ,અરજી ખર્ચ મળી કુલ રૂ.૧,૪૧,૫૦૦/- (અંકે રુપીયા એક લાખ એકતાલીસ હજાર પાંચસો), અરજદારને નહી ચુકવી, ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધીનીયમ હેઠળ થયેલ ક.૨૦ હેઠળ થયેલ આદેશ પાલનના ભંગ બદલ ઘરેલુ હિંસાથી રક્ષણના નિયમ-૨૦૦૬ નો નિયમ ૬(૫) સાથે વાંચતા ક્રિ.પ્રો.કો.ની ક.૧૨૫(૩) ની જોગવાઈ ધ્યાને લઈ, સામાવાળા નં.૧ ને ચડત રકમ નહી ચુકવવાના કસુર બદલ પ્રત્યેક માસના ભંગ માટે દિન ૧૦ની ગણતરી કરી કુલ દિવસ ૩૪૦ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, જો આ કામના સામાવાળા નં.૧ તેમના ઉપર ચડત થયેલ ઉપરોકત રકમ ચુકવી આપે તો તેને જેલ મૂકત કરવા, અથવા તો જેટલા માસની ચડત રકમ ચુકવી આપે તેટલા માસની સજા હાલની સજામાંથી મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમની એક નકલ સામાવાળાને તાત્કાલીક પુરી પાડવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૧૮
મુકામ : અમદાવાદ.

(અર્ચિત નિલમભાઈ વોરા)
ઍડિશનલ ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,
કૉર્ટ નં. ૧૯, અમદાવાદ.
UNIQUE CODE GJ00849

Seen
Myurrechi
Advocate
for Applicant
12/3/18